# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૮૪ તા.૨૫-૧૧-૧૯

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

**વિષય :- 'ભાષાદીપ' કાર્યક્રમ અંતર્ગત સ્વઅધ્યયનપોથીના ઉપયોગ અને મેળવવા બાબત.**

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોક્ત વિષય અંતર્ગત જણાવવાનું કે, રાજયની તમામ પ્રાથમિક શાળાઓમાં ધો.૩ થી ૮ના વિદ્યાર્થીઓ માટે 'ભાષાદીપ' કાર્યક્રમ અમલીકૃત છે. આ માટે ધોરણ ૩ થી ૮ના વિદ્યાર્થીઓ માટે ભાષાદીપ- સ્વઅધ્યયનપોથી નીચે મુજબના પત્રક મુજબની માહિતી તૈયાર કરી જણાવેલ તારીખ,સમય અને સ્થળેથી મેળવી લેવાની રહેશે અને તેનો ૨૦ અઠવાડિયા સુધી સ્વઅધ્યયનપોથીમાં દર્શાવેલ કાર્યક્રમ મુજબ કાર્ય કરાવવાનું રહેશે. વર્ગ શિક્ષકશ્રી દ્વારા સ્વઅધ્યયનપોથીમાં થયેલ કાર્યનું મુખ્ય શિક્ષકશ્રી દ્વારા ચકાસણી કરવાની રહેશે

| ઝોન | તારીખ | સમય | વિતરણકર્તા | મેળવવાનું સ્થળ |
|---|---|---|---|---|
| પશ્ચિમ | ૨૬-૧૧-૧૯ | ૧૧-૦૦ થી ૧-૦૦ | યુ.આર.સી. કો.ઓ.(પશ્ચિમ) | એલિસબ્રીજ શા.નં.૬ નરોત્તમ ઝવેરી હૉલની પાછળ, પાલડી, અમદાવાદ |
| દક્ષિણ | ૨૬-૧૧-૧૯ | ૨-૦૦ થી ૫-૦૦ | યુ.આર.સી. કો.ઓ.(દક્ષિણ) | |
| ઉત્તર | ૨૭-૧૧-૧૯ | ૧૧-૦૦ થી ૧-૦૦ | યુ.આર.સી. કો.ઓ.(ઉત્તર) | |
| પૂર્વ | ૨૭-૧૧-૧૯ | ૨-૦૦ થી ૫-૦૦ | યુ.આર.સી. કો.ઓ.(પૂર્વ) | |
| મધ્ય | ૨૮-૧૧-૧૯ | ૧૧-૦૦ થી ૧-૦૦ | યુ.આર.સી. કો.ઓ.(પશ્ચિમ) | |
| હિન્દી | ૨૮-૧૧-૧૯ | ૨-૦૦ થી ૫-૦૦ | યુ.આર.સી. કો.ઓ.(પૂર્વ) | |
| ઉર્દૂ | ૨૮-૧૧-૧૯ | ૨-૦૦ થી ૫-૦૦ | યુ.આર.સી. કો.ઓ.(દક્ષિણ) | |

સ્વઅધ્યયનપોથી મેળવવાનું ફોર્મેટ

**શાળાનું નામ :.......................**

**સ્વઅધ્યયન પોથી લેવા આવનારનું નામ :..............................................**

| ક્રમ | પુસ્તકનું નામ | ધોરણ | હાલની વિદ્યાર્થી સંખ્યા |
|---|---|---|---|
| ૧ | વિજ્ઞાન સ્વઅધ્યયનપોથી દ્વિતીય સત્ર | ૬ | |
| ૨ | વિજ્ઞાન સ્વઅધ્યયનપોથી દ્વિતીય સત્ર | ૭ | |
| ૩ | વિજ્ઞાન સ્વઅધ્યયનપોથી દ્વિતીય સત્ર | ૮ | |
| ૪ | ભાષાદીપ | ૩ | |
| ૫ | ભાષાદીપ | ૪ | |
| ૬ | ભાષાદીપ | ૫ | |
| ૭ | ભાષાદીપ | ૬ | |
| ૮ | ભાષાદીપ | ૭ | |
| ૯ | ભાષાદીપ | ૮ | |

મુખ્ય શિક્ષકનો સહિ/સિકકો

તા.૨૫-૧૧-૨૦૧૯

ડૉ. એલ.ડી.દેસાઇ

શાસનાધિકારી

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૮૪-A તા.૨૫-૧૧-૧૯

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય :- પર્યાવરણ શિક્ષણ કાર્યને અસરકારક બનાવવા 'પર્યાવરણ પ્રયોગશાળા' શરૂ કરવા બાબત.

સંદર્ભ :- એસએસએ/પી એન્ડ એમઓ/૩/૨૦૧૯/૩૮૮૭૧-૯૪૪ તા.૯-૧૧-૧૯

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોકત વિષય તથા સંદર્ભે જણાવવાનું કે, મહાત્મા ગાંધીજીની ૧૫૦ મી જન્મ જયંતીની ઉજવણીના ગત્ ૨ જી ઓકટોબરના રોજ થયેલ સમાપનની સાથોસાથ માન. વડાપ્રધાનશ્રીએ સ્વચ્છ ભારત મિશનના બીજા ચરણમાં 'સિંગલ યુઝ પ્લાસ્ટિક મુકત સમાજ'નું નિર્માણ કરવાનું અભિયાન હાથ ધરેલ છે. આવા સમયે પૂજય બાપુના પર્યાવરણવાદી વિચારોનું સંવર્ધન કરવા અને શાળાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓમાં પ્રવૃત્તિ દ્વારા શિક્ષણના માધ્યમથી પર્યાવરણ વિષયક જાગૃતિ ઉભી થાય તે માટે શાળાકક્ષાએ એક નવતર પ્રકલ્પ અમલમાં મુકવો જરૂરી જણાય છે. રાજયની તમામ પ્રાથમિક શાળાઓમાં પર્યાવરણ શિક્ષણ માટે 'પર્યાવરણ પ્રયોગશાળા' શરૂ કરવા શિક્ષણ વિભાગ ગુજરાત સરકાર દ્વારા ઠરાવવામાં આવેલ છે.

'પર્યાવરણ પ્રયોગશાળા' દ્વારા વિદ્યાર્થીઓ વધુ અસરકારક રીતે પર્યાવરણ સમજી શકે તથા તેનું સંવર્ધન કરી શકે તે આશયે શાળાઓમાં ઈકોકલબની રચના કરવામાં આવેલ છે. ઈકોકલબને વધુ અસરકારક બનાવી તેને વેગવંતી બનાવવા અને પર્યાવરણ શિક્ષણને ઉત્તેજન મળી રહે તે માટે તબક્કાવાર 'પર્યાવરણ પ્રયોગશાળા' શરૂ કરવામાં આવનાર છે. પ્રથમ તબક્કામાં પસંદ ગયેલ ૧૦૦ શાળાઓએ 'પર્યાવરણ પ્રયોગશાળા' શરૂ કરવાની રહેશે. આ સાથે સામેલ બિડાણ પત્ર મુજબની કમિટી બનાવી કામગીરી કરવાની રહેશે. આ માટે શાળાને ટુંક સમયમાંજ રૂા.૧૦,૦૦૦/-ની ગ્રાન્ટ શાળાના એસ.એમ.સી.ના ખાતામાં જમા કરવામાં આવશે. સદરહુ ગ્રાન્ટનો ચાલુ વર્ષે જ ઉપયોગ કરી બિડાણપત્રક મુજબ ખર્ચ કરવાનો રહેશે.

બિડાણ :- (૧) સંદર્ભિત પત્ર

(૨) 'પર્યાવરણ પ્રયોગશાળા'માટે પસંદ થયેલ ૧૦૦ શાળાઓની યાદી

તા.૨૫-૧૧-૨૦૧૯

ડૉ. એલ.ડી.દેસાઇ

શાસનાધિકારી

પી ભારતી(IAS)
સ્ટેટ પ્રોજેકટ ડાયરેકટર
એસપીઓ, એસએસએ

ગુજરાત શાળા શિક્ષણ પરિષદ
સ્ટેટ પ્રોજેકટ ડાયરેકટરશ્રીની કચેરી,
સમગ્ર શિક્ષા, સેકટર–૧૭, ગાંધીનગર.
ફોન નં.૦૭૯–૨૩૨૩૨૪૧૩
e-mail : - spdssaguj@gmail.com
Toll Free No.1800-233-7965

પત્રક્રમાંક:એસએસએ/P&Mo/૩/૨૦૧૯/૩૮૮૭૧ - ૯૪૪ તા. ૯/૧૧/૨૦૧૯

પ્રતિ,
જીલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી અને
જીલ્લા પ્રોજેક્ટ કો.ઓર્ડીનેટરશ્રી
જીલ્લા પ્રોજેક્ટ કચેરી, સમગ્ર શિક્ષા,
જીલ્લા : તમામ.
શાસનાધિકારીશ્રી : અમદાવાદ, વડોદરા,
રાજકોટ, સુરત કોર્પોરેશન

પ્રતિ,
જીલ્લા શિક્ષણાધિકારીશ્રી અને
જીલ્લા પ્રોજેક્ટ કો.ઓર્ડીનેટરશ્રી
જીલ્લા પ્રોજેક્ટ કચેરી, સમગ્ર શિક્ષા,
જીલ્લા : તમામ.

વિષય : રાજ્યની તમામ પ્રાથમિક તથા માધ્યમિક શાળાઓમાં પ્રવૃત્તિ આધારીત શિક્ષણ દ્વારા પર્યાવરણ શિક્ષણ કાર્યને અસરકારક બનાવવા 'પર્યાવરણ પ્રયોગશાળા' શરૂ કરવા બાબત

સંદર્ભ : (૧) ઠરાવ ક્રમાંક : સશઅ / ૧૦૧૯ / સિં.ફા.-૨૭ / ન, તા.૧/૧૦/૨૦૧૯, શિક્ષણ વિભાગ, ગુજરાત સરકાર, સચિવાલય, ગાંધીનગર.
(૨) પત્રક્રમાંક : એસએસએ / QEC / ૨૦૧૯ / ૩૮૩૭૦-૪૪૩, તા.૬-૧૧-૧૯

રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીની ૧૫૦મી જન્મજયંતીની ઉજવણીના ગત ૨ જી ઓક્ટોબરનાં રોજ થયેલ સમાપનની સાથોસાથ માન.વડાપ્રધાનશ્રીએ પ્રારંભ કરાવેલ સ્વચ્છ ભારત મિશનના બીજા ચરણમાં "સિંગલ યુઝ પ્લાસ્ટિક મુક્ત સમાજ"નું નિર્માણ કરવાનું અભિયાન હાથ ધરાયેલ છે. આવા સમયે પૂજ્યબાપુના પર્યાવરણવાદી વિચારોનું સંવર્ધન કરવા અને શાળાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓમાં પ્રવૃત્તિ દ્વારા શિક્ષણના માધ્યમથી પર્યાવરણ વિષયક જાગૃતિ ઉભી થાય તે માટે શાળા કક્ષાએ એક નવતર પ્રકલ્પ અમલમાં મુકવો જરૂરી જણાય છે.

રાજ્યમાં જેવી રીતે કમ્પ્યુટર શિક્ષણ માટે કમ્પ્યુટર પ્રયોગશાળા તથા ગણિત-વિજ્ઞાન શિક્ષણ માટે પ્રયોગશાળા(STEM Lab) ઉપલબ્ધ છે, તેવી જ રીતે, રાજ્યની તમામ પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાં પર્યાવરણ શિક્ષણ માટે "પર્યાવરણ પ્રયોગશાળા" શરુ કરવા શિક્ષણ વિભાગ, ગુજરાત સરકાર દ્વારા ઠરાવવામાં આવેલ છે.

પર્યાવરણ પ્રયોગશાળા દ્વારા વિદ્યાર્થીઓ વધુ અસરકારક રીતે પર્યાવરણ સમજી શકે તથા તેનું સંવર્ધન કરી શકે તે આશયે પર્યાવરણની પ્રવૃતિઓને વેગ આપવા માટે હાલમાં રાજ્યની તમામ શાળાઓમાં ઇકો ક્લબની રચના કરવામાં આવેલ છે. ઇકો કલબને વધુ અસરકારક બનાવી, તેની પ્રવૃતિઓને વધુ વેગવંતી બનાવવા અને પર્યાવરણ શિક્ષણને ઉત્તેજન મળી રહે તે માટે રાજ્યની તમામ શાળાઓમાં તબક્કાવાર 'પર્યાવરણ પ્રયોગશાળા' શરુ કરવામાં આવનાર છે. પ્રથમ તબક્કે તાલુકાદીઠ પસંદ કરેલ ૨૫ થી ૩૦ શાળાઓમાં એટલે કે, રાજ્યમાં ચાલુ વર્ષે આ સાથે સામેલ યાદી મુજબની ૬,૧૨૩ શાળાઓમાં 'પર્યાવરણ પ્રયોગશાળા' શરુ કરવામાં આવનાર છે.

ઉપરોક્ત બાબતોને ધ્યાને લઇ પ્રથમ તબક્કે આપના જીલ્લાની આ સાથે સામેલ યાદી મુજબની શાળાઓમાં સંદર્ભિત ઠરાવ(નકલ સામેલ છે)માં દર્શાવેલ બાબતોને ધ્યાને લઇ ચાલુ વર્ષે "પર્યાવરણ પ્રયોગશાળા" શરૂ કરવામાં આવે તે મુજબની જરૂરી સુચનાઓ આપની કક્ષાએથી આપવા આ સાથે જણાવવામાં આવે છે.

સંદર્ભિત ઠરાવમાં પર્યાવરણ પ્રયોગશાળા માટે નાણાકીય સહાય માટે શિક્ષણ વિભાગની ગ્રાન્ટ હેઠળ દર્શાવેલ "સમગ્ર શિક્ષાની ઇકો ક્લબ" માટે ઉપલબ્ધ ભંડોળમાંથી જોગવાઈ કરવાની બાબતને ધ્યાને લઇ "યુથ એન્ડ ઇકો ક્લબ" માટેની અત્રેની ક્યુ.ઈ.સેલની ફાઈલ નં. એસ.એસ.એ. / ક્યુઈસેલ / ૨૦૧૯-૨૦/૨૫૫ની નોધ પર થયેલ નિર્ણય મુજબ "પર્યાવરણ પ્રયોગશાળા" માટે પ્રથમ તબક્કે પસંદીત ૬,૧૨૩ શાળાઓ પૈકી ખાનગી નોન ગ્રાન્ટેડ શાળાઓ સિવાયની ધોરણ ૧-૫ની શાળા માટે શાળાદીઠ રૂ.૫,૦૦૦/-, ધોરણ ૬-૮ અને ધો.૧-૮ની શાળા માટે શાળાદીઠ રૂ.૧૫,૦૦૦/- અને ધોરણ ૬-૧૨, ધો.૬-૧૦, ધો.૯-૧૦ તેમજ ધો.૯-૧૨ની શાળા માટે શાળાદીઠ રૂ.૨૫,૦૦૦/- ગ્રાન્ટ અત્રેની કચેરી દ્વારા અગ્રીમતાના ધોરણે જીલ્લા એસએસએ કચેરી મારફતે જે-તે શાળા સબંધિત એસ.એમ.સી./એસ.એમ.ડી.સી.ને ફાળવી આપવાની રહેશે. શાળાઓને પર્યાવરણ પ્રયોગશાળા માટે ફાળવી આપવામાં આવનાર ગ્રાન્ટનો નિયમોને આધીન ઉપયોગ કરવાનો રહેશે, તેમજ નિયમોનુસાર હિસાબ નિભાવવાના રહેશે.

જીલ્લા કક્ષાએ તથા તાલુકા કક્ષાએ "પર્યાવરણ પ્રયોગશાળા" માટે નાણાકીય ખર્ચને પહોચી વળવા અન્ય યોજનાઓમાં ઉપલબ્ધ ભંડોળમાંથી જોગવાઈ કરવા અને સબંધિત વિભાગના અધિકારીઓ સાથે સંકલન કરવા જીલ્લા કક્ષાએ જીલ્લા વિકાસ અધિકારીશ્રીના અધ્યક્ષપણા હેઠળની સમિતિએ ઠરાવવામાં આવ્યા મુજબ અમલ કરવાનો રહેશે.

વધુમાં, પર્યાવરણ પ્રયોગશાળા માટે ઠરાવવામાં આવ્યા મુજબ આપના જીલ્લાની પ્રથમ તબક્કે પસંદિત શાળાઓમાં તમામ બાબતોનું ચુસ્તપણે પાલન કરી અસરકારક અમલ થાય તે માટે જરૂરી આયોજન કરી અમલ કરવા જણાવવામાં આવે છે.

(પી ભારતી)

બિડાણ :
- સંદર્ભિત ઠરાવની નકલ
- શાળાઓની યાદી

નકલ સવિનય રવાના :
- માન.સચિવશ્રી, પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

નકલ રવાના :
- નિયામકશ્રી, શાળાઓની કચેરી, બ્લોક નં.૯/૧લો માળ, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, બ્લોક નં.૧૨/૧લો માળ, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નિયામકશ્રી, જી.સી.ઈ.આર.ટી., સેક્ટર-૧૨, ગાંધીનગર.

રાજ્યની તમામ પ્રાથમિક તથા માધ્યમિક શાળાઓમાં પ્રવૃત્તિ આધારીત શિક્ષણ દ્વારા પર્યાવરણ શિક્ષણ કાર્યને અસરકારક બનાવવા "પર્યાવરણ પ્રયોગશાળા" શરૂ કરવા બાબત.

ગુજરાત સરકાર

શિક્ષણ વિભાગ

ઠરાવ ક્રમાંક: સશઅ/૧૦૧૯/સિં.ફા.-૨૭/ન

સચિવાલય, ગાંધીનગર.

તારીખ:૧/૧૦/૨૦૧૯

પ્રસ્તાવના:

સર્વ શિક્ષા અભિયાનની કચેરીની સિંગલ ફાઇલથી કરેલ દરખાસ્ત અન્વયે આગામી ૨ જી ઓક્ટોબરનાં રોજ રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીની ૧૫૦મી જન્મજયંતીની ઉજવણીનું સમાપન થનાર છે. સાથોસાથ માન.વડાપ્રધાનશ્રીએ પ્રારંભ કરાવેલ સ્વચ્છ ભારત મિશનના બીજા ચરણમાં "સિંગલ યુઝ પ્લાસ્ટિક મુક્ત" સમાજનું નિર્માણ કરવાનું અભિયાન હાથ ધરાયેલ છે. આવા સમયે પૂજ્યબાપુના પર્યાવરણવાદી વિચારોનું સંવર્ધન કરવા અને શાળાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓમાં પર્યાવરણ વિષયક જાગૃતિ 'પ્રવૃત્તિ દ્વારા શિક્ષણ'ના માધ્યમ થી ઉભી થાય તે માટે શાળા કક્ષાએ એક નવતર પ્રકલ્પ અમલમાં મૂકવા જરૂરી જણાય છે. રાજ્યમાં કમ્પ્યુટર શિક્ષણ માટે કમ્પ્યુટર પ્રયોગશાળા તથા વિજ્ઞાન-ગણિત શિક્ષણ માટે પ્રયોગશાળા (STEM Lab) ઉપલબ્ધ છે. તેવી જ રીતે રાજયમાં આવેલ તમામ પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાં "પર્યાવરણ પ્રયોગ શાળા" શરૂ કરવા બાબત સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી.

ઠરાવ:

પુખ્ત વિચારણાને અંતે આગામી ૨ જી ઓક્ટોબરનાં રોજ રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીની ૧૫૦મી જન્મજયંતીની ઉજવણીનું સમાપન થનાર છે. સાથોસાથ માન.વડાપ્રધાનશ્રીએ પ્રારંભ કરાવેલ સ્વચ્છ ભારત મિશનના બીજા ચરણમાં "સિંગલ યુઝ પ્લાસ્ટિક મુક્ત" સમાજનું નિર્માણ કરવાનું અભિયાન હાથ ધરાયેલ છે. આવા સમયે પૂજ્યબાપુના પર્યાવરણવાદી વિચારોનું સંવર્ધન કરવા અને શાળાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓમાં પર્યાવરણ વિષયક જાગૃતિ 'પ્રવૃત્તિ દ્વારા શિક્ષણ'ના માધ્યમ થી ઉભી થાય તે માટે શાળા કક્ષાએ એક નવીન પ્રકલ્પ અમલમાં મૂકવા રાજયમાં આવેલ તમામ પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાં "પર્યાવરણ પ્રયોગ શાળા" શરૂ કરવા બાબત નીચે મુજબ ઠરાવવામાં આવે છે.

T. T.
તા. 14/10/19
આ.પ.નં. 50

રાજ્યમાં કમ્પ્યુટર શિક્ષણ માટે કમ્પ્યુટર પ્રયોગશાળા તથા વિજ્ઞાન-ગણિત શિક્ષણ માટે પ્રયોગશાળા (STEM Lab) ઉપલબ્ધ છે તેવી જ રીતે, પર્યાવરણ શિક્ષણ માટે પર્યાવરણ પ્રયોગશાળાની સુવિધા પણ ઉપલબ્ધ કરવી અતિ આવશ્યક બની છે, જેના દ્વારા વિદ્યાર્થીઓ વધુ અસરકારક રીતે પર્યાવરણ સમજી શકે તથા તેનું સંવર્ધન કરી શકે. પર્યાવરણની પ્રવૃત્તિઓને વેગ આપવા માટે હાલમાં રાજ્યની તમામ શાળાઓમાં ઇકો ક્લબની રચના કરવામાં આવેલ છે. ઇકો કલબને વધુ અસરકારક બનાવી, તેની પ્રવૃતિઓને વધુ વેગવંતી બનાવવા અને પર્યાવરણ શિક્ષણને ઉત્તેજન મળી રહે તે માટે દરેક શાળામાં 'પર્યાવરણ પ્રયોગશાળા' શરૂ કરવાની જરૂરીયાત જણાય છે.

રાજ્યની શાળાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ પૈકી મોટાભાગના વિદ્યાર્થીઓ કૃષિ ઉપરાંત ડેરી અને પશુપાલન ક્ષેત્ર સાથે સંકળાયેલ પરિવારમાંથી આવે છે અને ભવિષ્યમાં પણ તેઓ આ ક્ષેત્રમાં પોતાનું યોગદાન આપીને જીવનનિર્વાહ કરવાની શક્યતા ધરાવે છે. ખેતીના વ્યવસાય સાથે સંકળાયેલા ગ્રામીણજનોની આવક વધારવાનું લક્ષ્ય રાખ્યું છે, જે ખેતી આધારિત વ્યવસાયમાં ઉત્પાદકતા વધારવાથી જ શક્ય બની શકશે. તેથી આ વિદ્યાર્થીઓ જૈવિક (ઓર્ગેનિક) અને Zero Budget Natural Farming (ZBNF) થી વાકેફ થાય અને તેઓ પર્યાવરણની જાળવણી કરીને, ઉચ્ચ ગુણવત્તાયુક્ત ખેતી વિષે શીખે તેને પણ પર્યાવરણ પ્રયોગશાળામાં પ્રાથમિકતા હશે. જૈવિક અને Zero Budget Natural Farming (ZBNF) કૃષિ સંકલ્પનાનું મહત્વ સમજવાથી વિદ્યાર્થીઓ રાસાયણિક ખાતર અને જંતુનાશક દવાઓના પર્યાવરણ પરની વિપરીત અસરોથી માહિતગાર થશે અને ભવિષ્યમાં તેના ઉપયોગને ટાળશે અને બીજાને પણ પ્રેરિત કરશે.

આ તમામ બાબતોને પરિપૂર્ણ રીતે ફળીભૂત કરવા શાળાઓમાં રોપાઓ અને બાગાયતી પાકોનો ઉછેર, ટપક સિંચાઈ, રેઈન વોટર હાર્વેસ્ટીંગ, જૈવિક ખાતર બનાવવું અને તેનો ઉપયોગ, કિચન ગાર્ડન, ટેરેસ ગાર્ડન, રૂફટોપ ફાર્મિંગ, હર્બલ ફાર્મિંગ, "સિંગલ યુઝ પ્લાસ્ટિક મુક્ત" શાળા, પાણીનો સદ્ઉપયોગ (Water Conservation) અને હાઈડ્રોપોનિક્સ જેવા પ્રકલ્પ નાના પાયા પર શાળાકક્ષાએ ઊભા કરવામાં આવે તે અતિ અગત્યનું છે.

પ્રાથમિક તથા માધ્યમિક શિક્ષણમાં પર્યાવરણ, વિજ્ઞાન, સામાજિક વિજ્ઞાન અને અન્ય વિષયમાં પણ પર્યાવરણલક્ષી વિવિધ પ્રોજેક્ટ કાર્ય સૂચવવામાં આવેલ છે. આવા વિવિધ પ્રોજેક્ટ કાર્ય (પ્રકલ્પ) વિદ્યાર્થીઓ શાળામાં જ કરી શકે તેવું વાતાવરણ પુરુ પાડવામાં આવે, તે પણ ખૂબ જરૂરી છે.

પર્યાવરણ પ્રયોગશાળા દ્વારા નીચેની પ્રમુખ બાબતો પર વિદ્યાર્થીઓની સમજ ઊભી કરવાનું આયોજન રહેશે જેમાં:

- ખોરાક માટે બિન રાસાયણિક ખાતરથી બાગાયતી પાકો, શાકભાજી-કઠોળ તથા રોજીંદા જીવનમાં ઉપયોગી મસાલા ઉત્પાદન કરવાની સમજનું નિર્માણ.
- પર્યાવરણની જાળવણી કરીને ઉચ્ચ ગુણવત્તા યુક્ત ખેતી કરવાની પદ્ધતિની સમજનું નિર્માણ.
- બિનફળદ્રુપ માટીનું ઉપયોગી જમીનમાં પરિવર્તન.
- પાણીની બચત અને સ્વચ્છ તથા પૂરતું પાણી મળી રહે તે માટેનું જળ પ્રબંધન.
- ભવિષ્યમાં આવનારી નવી ટેક્નોલોજી/પદ્ધતિની સમજનું નિર્માણ.
- સામાન્ય રોગના ઘરગથ્થું ઉપચાર માટે ઔષધિય વનસ્પતિના ઉછેરની સમજનું નિર્માણ.
- બિન પરંપરાગત ઊર્જાના વિવિધ સ્રોતના ઉપયોગ દ્વારા ઉર્જા બચાવની સમજનું નિર્માણ.

આ તમામ બાબતો ધ્યાનમાં રાખી પ્રથમ તબક્કામાં તાલુકા દીઠ પસંદ કરેલ ૨૫ થી ૩૦ શાળાઓમાં એટલે સમગ્ર રાજ્યમાં ૬૦૦૦ જેટલી શાળાઓમાં ચાલુ વર્ષે 'પર્યાવરણ પ્રયોગશાળા' શરૂ કરવાનું ઠરાવેલ છે. રાજ્યની અન્ય બાકીની શાળાઓમાં આ પ્રકલ્પનું અમલીકરણ ક્રમશ: કરવામાં આવશે.

<u>હેતુઓ</u>

- પર્યાવરણ શિક્ષણ દ્વારા વિદ્યાર્થીઓમાં જાગૃતિ, જ્ઞાન, વલણ, કૌશલ્ય અને સહભાગિતાનું સ્થાપન કરવું.
- શાળા કક્ષાએ પર્યાવરણ પ્રોજેક્ટ કાર્ય થઈ શકે તેવી વ્યવસ્થા ઊભી કરવી.
- દૂષિત પર્યાવરણની આડઅસરોને નિર્મૂલન કરવા માટે "સિંગલ યુઝ પ્લાસ્ટિક મુક્ત" સમાજ અને રાસાયણિક ખાતરના ઉપયોગ પર પ્રતિબંધનો પ્રયાસ કરવો.
- રોજીંદા જીવનમાં પર્યાવરણ પોષક બાબતોને સ્થાન આપવું.
- ગ્રામીણ કક્ષાએ જીવન ઉપયોગી આર્થિક ઉપાર્જનનું વ્યવસ્થાપન અને નિર્માણ કરી શકે તેવું વાતાવરણ તૈયાર કરવું.
- વિદ્યાર્થીઓના પરિવારને, તેમની પ્રવૃતિઓ દ્વારા શાળા સાથે જોડીને શાળાના વિકાસ માટેની સહભાગીદારીનું નિર્માણ કરી શકે તેવું વાતાવરણ તૈયાર કરવું.

<u>પર્યાવરણ પ્રયોગ શાળામાં સામેલ કરી શકાય તેવી પ્રવૃતિઓ</u>

- સ્કુલ નર્સરી તૈયાર કરી રોપાંઓના ઉછેર કરવા.
- કિચનગાર્ડન દ્વારા શાકભાજીનું વાવેતર, નિદર્શન અને ઉત્પાદન કરવુ.
- હર્બલ ગાર્ડન નિર્માણ કરવો.
- વરસાદી પાણીના સંગ્રહ માટે રેઈન વોટર હાર્વેસ્ટીંગ સિસ્ટમ ઊભી કરવી.
- પાણીની ઓછી ઉપલબ્ધિની સંભવિત પરિસ્થિતીને સમજીને તેની બચત અને અગત્યતા સમજાવવા માટે ટપક સિંચાઈ (ડ્રીપ ઈરીગેશન) નું વર્કિંગ મોડલ ઊભુ કરવું.

- જૈવિક ખાતર માટેની વ્યવસ્થા ઊભી કરવી.
- પર્યાવરણ પ્રશિક્ષણ (તાલીમ) આપવું.
- "સિંગલ યુઝ પ્લાસ્ટિક મુક્ત" શાળાનું સ્થાપન કરવું.
- ગ્રીન હાઉસ મોડેલ નિર્માણ કરવું.
- ઓછી જમીનવાળી શાળાઓમાં રૂફટોપ ફાર્મિંગ કરવું.

**આયોજન સંબંધી બાબતો:**

- દરેક શાળા પર્યાવરણ પ્રયોગશાળા અંતર્ગત અલગથી નિર્માણ થયેલ પર્યાવરણ પ્રયોગશાળાના પોર્ટલ સાથે જોડાયેલ રહેશે અને તેમાં સમયાંતરે શાળામાં થતી પર્યાવરણ શિક્ષણની પ્રવૃતિઓને અપલોડ કરતી રહેશે.
- તાલુકા કક્ષાએ વર્ષના બંને શૈક્ષણિક સત્ર દરમ્યાન શ્રેષ્ઠ પર્યાવરણ પ્રવૃત્તિ કરતી શાળાને પસંદ કરવામાં આવશે.
- દર વર્ષે રાજ્યના તમામ તાલુકા પૈકીની ઉત્તમ પર્યાવરણ પ્રવૃત્તિ માટેની શાળાને પસંદ કરીને તેને પુરસ્કૃત કરવામાં આવશે.
- પર્યાવરણ પ્રયોગશાળા અંતર્ગત નવાચારી કે ઉત્તમ કામગીરી કરનાર શિક્ષકને પ્રોત્સાહન આપી પુરસ્કૃત કરવામાં આવશે.
- પર્યાવરણ પ્રયોગશાળા અંતર્ગત વિદ્યાર્થીઓ સફાઈ, આરોગ્ય અને સંવર્ધનની જાગૃતિ માટે શાળા અને ગ્રામકક્ષાએ કાર્યક્રમો કરે તેવું આયોજન થશે.
- પર્યાવરણ પ્રયોગશાળા સંલગ્ન પ્રવૃત્તિના વિકાસ માટેની સહાયક યોજનાનો લાભ મળી રહે તેની જવાબદારી જીલ્લા સ્તરે જીલ્લા સ્તરે જીલ્લા શિક્ષણાધિકારી(DEO) અને જીલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી(DPEO)ની રહેશે તેમણે કૃષિ અને વન વિભાગની વિવિધ શાખાનો તેમજ અન્ય વિભાગનો સંપર્ક સાધી તેમાં રહેલી યોજનાઓનો લાભ શાળાઓને મળી રહે તેવો પ્રયાસ કરવાનો રહેશે.
- પર્યાવરણ પ્રયોગશાળા પ્રવૃત્તિનું સંચાલન રાજ્ય કક્ષાએ સમગ્ર શિક્ષા અભિયાન ના સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેકટર (SPD) દ્વારા સંલગ્ન વિવિધ વિભાગો સાથે સંકલન કરી પ્રવૃત્તિને વધુ લાભ મળી રહે તે માટે પ્રયાસ કરવાના રહેશે.

**નાણાકીય સહાય:**

- પર્યાવરણ પ્રયોગશાળા માટે જરૂરી નાણાકીય ખર્ચને પહોચી વળવા જીલ્લા કક્ષાએ નીચે મુજબની સંસ્થાઓ પાસે ઉપલબ્ધ ભંડોળમાંથી જોગવાઈ કરવાની રહેશે.

૧. શિક્ષણ વિભાગની ગ્રાંટ

- સમગ્ર શિક્ષાની ઈકો ક્લબ

- શ્રેષ્ઠ શાળા ગ્રાન્ટ/ એવોર્ડ અનુદાન
- મધ્યાહ્ન ભોજન યોજનાનું ભંડોળ
- શાળાનું સ્વ ભંડોળ/અન્ય સંસ્થા કે વ્યક્તિગત અનુદાન મળેલ હોય તે ભંડોળ

૨. જિલ્લા આયોજન કચેરી હેઠળની ગ્રાંટ

- જીલ્લા આયોજન પંચનું ફંડ
- પછાત તાલુકા વિકાસ ફંડ
- એમ.પી./એમ.એલ.એ ફંડ

૩. જિલ્લા પંચાયતની ગ્રાંટ

- ૧૪માં નાણા પંચની ગ્રાન્ટ
- જિલ્લા પંચાયત સ્વ ભંડોળ

૪. ગ્રામ વિકાસ વિભાગની ગ્રાંટ

- મનરેગા યોજના
- સ્વચ્છ ભારત મિશન અંતર્ગત ગ્રાંટ

૫. કૃષિ વિભાગની ગ્રાંટ

- કૃષિ વિભાગની પર્યાવરણ વિષયક યોજનાઓ
- બાગાયત વિભાગની યોજના.
- સ્થાનિક  ડેરીનો સહયોગ

૬. વન અને પર્યાવરણ વિભાગની ગ્રાંટ

- વનવિભાગની રોપા ઉછેર કેન્દ્ર યોજના

૭. આદિજાતિ વિભાગની ગ્રાન્ટ

- પ્રોજેક્ટ એડમીનીસ્ટ્રેટર હસ્તકની યોજનાઓમાંથી

૮. અન્ય વિભાગની ગ્રાંટ

- સરહદી વિસ્તાર વિકાસ યોજના
- ખાણ ખનિજ વિભાગના ગ્રાંટ
- ઉદ્યોગ વિભાગના સોલ્ટ સેસના ગ્રાંટ

રાજય કક્ષાએ તમામ સબંધિત વિભાગો સાથે સંકલન કરવા અને મોનિટરીંગ માટે રાજય કક્ષાના, જિલ્લા કક્ષાના કામગીરી સમિતિમાં નીચે મુજબના સભ્યો રહેશે.

| | | |
|---|---|---|
| (૧) સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેકટરશ્રી | - | અધ્યક્ષ |
| (૨) નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ | - | સભ્ય |
| (૩) કમિશ્નરશ્રી, શાળાઓ | - | સભ્ય |
| (૪) નિયામકશ્રી, જી.સી.ઇ.આર.ટી. | - | સભ્ય |
| (૫) સબંધિત ખાતાના વડાના કચેરીના અધિકારીશ્રી | - | સભ્ય |
| (૬) સચિવશ્રી, એસ.એસ.એ. | - | સભ્ય સચિવ |

જિલ્લા કક્ષાએ તથા તાલુકા કક્ષાએ "પર્યાવરણ પ્રયોગશાળા" માટે નાણાકીય ખર્ચને પહોંચી વળવા અન્ય યોજનાઓમાંથી ઉપલબ્ધ ભંડોળમાંથી જોગવાઇ કરવા અને સબંધિત વિભાગના અધિકારીઓની સંકલન કરવા જિલ્લા કક્ષાએ જિલ્લા વિકાસ અધિકારીના અધ્યક્ષપણા હેઠળ સમિતિ રહેશે. જે સમિતિના સભ્યો નીચે મુજબ રહેશે.

| | | |
|---|---|---|
| (૧) જિલ્લા વિકાસ અધિકારી | - | અધ્યક્ષ |
| (૨) સબંધિત વિભાગના જિલ્લા કક્ષાના અધિકારી | - | સભ્ય |
| (૩) જિલ્લા શિક્ષણાધિકારી | - | સભ્ય |
| (૪) જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી | - | સભ્ય સચિવ |

સદરહુ ઠરાવ તા.૧૮/૯/૨૦૧૯ ની સરકારશ્રીની મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(બી.પી.ચૌહાણ)
સંયુક્ત સચિવ
શિક્ષણ વિભાગ

પ્રતિ,

- માન.મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.શિક્ષણ મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.રાજયકક્ષાના મંત્રીશ્રી(પ્રા.શિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- મુખ્ય સચિવશ્રીના નાયબ સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અગ્રસચિવશ્રી (ઉ. અને ટે.શિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી(પ્રા. અને મા.શિ.)ના અંગત મદદનીશશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, સામાન્ય વહીવટ વિભાગ(આયોજન), સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ ગૃહ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, કૃષિ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, વન અને પર્યાવરણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

- સચિવશ્રી, શહેરી વિકાસ અને ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી, સર્વ શિક્ષા અભિયાન, સેકટર-૧૭, ગાંધીનગર.
- કમિશ્નરશ્રી, શાળાઓની કચેરી, બ્લોક નં.૯/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- પ્રાથમિક શિક્ષણ, નિયામકશ્રીની કચેરી, બ્લોક નં.૧૨/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નિયામકશ્રી, જી.સી.ઇ.આર.ટી. સેકટર-૧૨, ગાંધીનગર.
- સંયુક્ત સચિવશ્રી, એસ.એસ.એ. શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સંયુક્ત સચિવશ્રી, પ્રાથમિક શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાયબ સચિવશ્રી, માધ્યમિક શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- નાણા વિભાગ(પગાર એકમ), સચિવાલય, ગાંધીનગર.
- તમામ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ(સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેકટરશ્રી, સર્વ શિક્ષા અભિયાન કચેરી મારફત)
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
- સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ/પેટા તિજોરી અધિકારીશ્રીઓ.
- નાયબ સેકશન અધિકારી સિલેક્ટ ફાઇલ.
- કમ્પ્યુટર સેલ(જી.સ્વાન પર મૂકવા સારૂ) શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- શાખા સિલેક્ટ ફાઇલ.

PPM
11/10

સર્વ શિક્ષા અભિયાન
સ્ટેટ પ્રોજેક્ટ ઓફિસ, ગાંધીનગર
11 OCT 2019
૯૦૩
ઇનવર્ડ નં.........
ટેબલ શાખા... DLL PPM

# સમગ્ર શિક્ષા અભિયાન અમદાવાદ કોર્પોરેશન

## "પર્યાવરણ પ્રયોગ શાળા" માટે ગ્રાન્ટ ફાળવેલ શાળાઓની યાદી

| Sr. No. | School Name | School Category | Total Enrolment | Category | Grant |
|---|---|---|---|---|---|
| 1 | SHAHPUR U-5 | 4 | 179 | Y-(101-300) | 15000 |
| 2 | RAIKHAD-4 | 2 | 260 | Y-(101-300) | 15000 |
| 3 | BAHERAMPURA-5 | 2 | 264 | Y-(101-300) | 15000 |
| 4 | RAIKHAD U.6 | 2 | 195 | Y-(101-300) | 15000 |
| 5 | JAMALPUR URDU - 1 | 2 | 300 | Y-(101-300) | 15000 |
| 6 | JAMALPUR URDU - 4 | 2 | 229 | Y-(101-300) | 15000 |
| 7 | VASANA -1 | 2 | 568 | X-(>300) | 15000 |
| 8 | VASANA -3 | 2 | 686 | X-(>300) | 15000 |
| 9 | VASANA -5 | 2 | 596 | X-(>300) | 15000 |
| 10 | VASANA SCHOOL NO. 8 | 1 | 593 | X-(>300) | 5000 |
| 11 | ELISBRIDGE - 30 | 1 | 401 | X-(>300) | 5000 |
| 12 | ELISBRIDGE - 10 | 2 | 167 | Y-(101-300) | 15000 |
| 13 | NARANPURA HINDI 4 | 1 | 421 | X-(>300) | 5000 |
| 14 | NAVA VADAJ - 1 | 2 | 401 | X-(>300) | 15000 |
| 15 | NAVA VADAJ - 9 | 2 | 674 | X-(>300) | 15000 |
| 16 | NAVA VADAJ HINDI - 1 | 2 | 667 | X-(>300) | 15000 |
| 17 | GANDHINAGAR GUJ - 2 | 2 | 322 | X-(>300) | 15000 |
| 18 | SABARMATI - 7 | 4 | 311 | X-(>300) | 15000 |
| 19 | DUDHESHWAR - 3 | 4 | 321 | X-(>300) | 15000 |
| 20 | DUDHESHWAR - 4 | 1 | 369 | X-(>300) | 5000 |
| 21 | DUDHESHWAR - 6 | 2 | 300 | Y-(101-300) | 15000 |
| 22 | VADAJ - 1 | 2 | 557 | X-(>300) | 15000 |
| 23 | VADAJ - 3 | 2 | 444 | X-(>300) | 15000 |
| 24 | MAHATMA GANDHI - 1 | 2 | 541 | X-(>300) | 15000 |
| 25 | KESHAVNAGAR - 1 | 2 | 336 | X-(>300) | 15000 |
| 26 | RAMDEVPRJI TEKARA SCHOOL | 2 | 318 | X-(>300) | 15000 |
| 27 | INDRAPURI HINDI SCHOOL 1 | 2 | 304 | X-(>300) | 15000 |
| 28 | SHAHIBAUG - 1 | 2 | 412 | X-(>300) | 15000 |
| 29 | SHAHIBAUG - 6 | 2 | 313 | X-(>300) | 15000 |
| 30 | BARDOLPURA - 1 | 2 | 383 | X-(>300) | 15000 |
| 31 | SHAHIBAUG URDU - 1 | 2 | 290 | Y-(101-300) | 15000 |
| 32 | PRITAMPURA - 1 | 2 | 346 | X-(>300) | 15000 |
| 33 | MEGHANINAGAR HINDI - 1 | 2 | 501 | X-(>300) | 15000 |
| 34 | PRITAMNAGAR GUJ - 3 | 2 | 268 | Y-(101-300) | 15000 |
| 35 | ASARWA - 11 | 4 | 431 | X-(>300) | 15000 |
| 36 | ASARWA - 12 | 1 | 439 | X-(>300) | 5000 |
| 37 | ASARWA - 20 | 1 | 320 | X-(>300) | 5000 |
| 38 | ASARWA 23 | 4 | 212 | Y-(101-300) | 15000 |
| 39 | MEGHANINAGAR - 1 | 2 | 425 | X-(>300) | 15000 |
| 40 | NARODA ROAD - 1 | 2 | 309 | X-(>300) | 15000 |
| 41 | KUBERNAGAR ENGLISH - 1 | 2 | 539 | X-(>300) | 15000 |
| 42 | SARDARNAGAR GUJ SH NO-2 | 1 | 374 | X-(>300) | 5000 |
| 43 | HANSOL GUJ SH NO-2 | 1 | 477 | X-(>300) | 5000 |
| 44 | HANSOL GUJ SH NO-1 | 4 | 315 | X-(>300) | 15000 |
| 45 | SAIJPUR GUJ SHALA NO 6 | 2 | 556 | X-(>300) | 15000 |
| 46 | SAIJPUR HINDI SHALA NO1 | 2 | 848 | X-(>300) | 15000 |
| 47 | SAIJPUR PO. H.Q.GUJ SHALA 2 | 2 | 366 | X-(>300) | 15000 |
| 48 | NOBAL NAGAR GUJ 3 | 4 | 385 | X-(>300) | 15000 |
| 49 | NOBAL NAGAR GUJ 4 | 1 | 609 | X-(>300) | 5000 |

| Sr. No. | School Name | School Category | Total Enrolment | Category | Grant |
|---|---|---|---|---|---|
| 50 | NARODA GUJ 4 | 2 | 372 | X-(>300) | 15000 |
| 51 | BAPUNAGAR - 3 | 2 | 578 | X-(>300) | 15000 |
| 52 | BAPUNAGAR - 13 | 2 | 474 | X-(>300) | 15000 |
| 53 | BAPUNAGAR - 16 | 2 | 315 | X-(>300) | 15000 |
| 54 | BAPUNAGAR HINDI - 8 | 2 | 335 | X-(>300) | 15000 |
| 55 | BAPUNAGAR HINDI - 1 | 2 | 301 | X-(>300) | 15000 |
| 56 | BAPUNAGAR URDU - 2 | 1 | 1062 | X-(>300) | 5000 |
| 57 | BAPUNAGAR URDU - 8 | 1 | 383 | X-(>300) | 5000 |
| 58 | BAPUNAGAR - 5 | 2 | 336 | X-(>300) | 15000 |
| 59 | RAJPUR - 3 | 2 | 351 | X-(>300) | 15000 |
| 60 | GOMTIPUR H - 1 | 2 | 391 | X-(>300) | 15000 |
| 61 | RAJPUR-11 | 2 | 398 | X-(>300) | 15000 |
| 62 | RAJPUR - 17 | 4 | 426 | X-(>300) | 15000 |
| 63 | RAJPUR U - 1 | 2 | 328 | X-(>300) | 15000 |
| 64 | RAKHIYAL URDU - 1 | 4 | 281 | Y-(101-300) | 15000 |
| 65 | AMRAIWADI - 1 | 4 | 318 | X-(>300) | 15000 |
| 66 | AMRAIWADI HINDI - 5 | 2 | 353 | X-(>300) | 15000 |
| 67 | AMRAIWADI HINDI - 7 | 4 | 349 | X-(>300) | 15000 |
| 68 | KHOKHARA HINDI - 4 | 2 | 318 | X-(>300) | 15000 |
| 69 | KHOKHARA GUJ - 12 | 2 | 381 | X-(>300) | 15000 |
| 70 | PURSHOTTAM PRI SCHOOL 1 | 4 | 455 | X-(>300) | 15000 |
| 71 | LILANAGAR GUJ SCHOOL NO . 2 | 2 | 455 | X-(>300) | 15000 |
| 72 | ODHAV GUJ SHALA NO 1 | 2 | 798 | X-(>300) | 15000 |
| 73 | ODHAV GUJ SHALA NO 4 | 2 | 657 | X-(>300) | 15000 |
| 74 | KARSANNAGAR GUJ - 1 | 4 | 365 | X-(>300) | 15000 |
| 75 | G.I.D.C. GUJ SCHOOL NO - 2 | 2 | 566 | X-(>300) | 15000 |
| 76 | AMBIKA GUJ SCH. NO - 1 | 2 | 635 | X-(>300) | 15000 |
| 77 | ODHAV HINDI 1 | 2 | 738 | X-(>300) | 15000 |
| 78 | G.I.D.C. HINDI SCHOOL NO - 1 | 2 | 790 | X-(>300) | 15000 |
| 79 | ODHAV GUJ. SCHOOL - 3 | 2 | 586 | X-(>300) | 15000 |
| 80 | ODHAV HINDI-3 | 2 | 824 | X-(>300) | 15000 |
| 81 | MANINAGAR - 1 | 2 | 311 | X-(>300) | 15000 |
| 82 | MANINAGAR - 4 | 2 | 236 | Y-(101-300) | 15000 |
| 83 | MANINAGAR - 6 | 2 | 172 | Y-(101-300) | 15000 |
| 84 | INDRAPURI PUBLIC SCHOOL | 2 | 478 | X-(>300) | 15000 |
| 85 | KANKARIYA-1 | 2 | 266 | Y-(101-300) | 15000 |
| 86 | KANKARIYA-6 | 2 | 279 | Y-(101-300) | 15000 |
| 87 | KANKARIYA-8 | 2 | 434 | X-(>300) | 15000 |
| 88 | BAHERAMPURA-1 | 4 | 208 | Y-(101-300) | 15000 |
| 89 | BAHERAMPURA-11 | 4 | 226 | Y-(101-300) | 15000 |
| 90 | BAHERAMPURA URDU-5 | 4 | 194 | Y-(101-300) | 15000 |
| 91 | BEHRAMPURA-22 | 2 | 854 | X-(>300) | 15000 |
| 92 | MILLATNAGAR URDU-1 | 4 | 430 | X-(>300) | 15000 |
| 93 | BAGEPHIRDOSH-H.1 | 2 | 639 | X-(>300) | 15000 |
| 94 | JASODANAGAR GUJARATI-1 | 4 | 393 | X-(>300) | 15000 |
| 95 | HATHIJAN GUJARATI S.N.2 | 2 | 552 | X-(>300) | 15000 |
| 96 | VINOBABHAVE-1 | 2 | 389 | X-(>300) | 15000 |
| 97 | VATVA SCHOOL NO. 3 | 4 | 339 | X-(>300) | 15000 |
| 98 | GANESHNAGAR PIPALAJ GUJ SCHOOL NO 1 | 2 | 345 | X-(>300) | 15000 |
| 99 | KUMARI HINA VORA PRI. SCHOOL | 2 | 656 | X-(>300) | 15000 |
| 100 | ISHANPUR PUBLIC SCHOOL NO. 2 | 1 | 1355 | X-(>300) | 5000 |
| **TOTAL GRANT** | | | | | **1380000** |

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૮૪-B તા.૨૫-૧૧-૧૯

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય :- સમગ્ર શિક્ષા અંતર્ગત વર્ષ ૨૦૧૯-૨૦ દરમ્યાન રાજયની તમામ સરકારી શાળાઓમાં 'યુથ એન્ડ ઈકોકલબ' કાર્યાન્વીત કરવા બાબત.

સંદર્ભ :- એસએસએ/કયુઈસી/૨૦૧૯/૩૮૩૭૦-૪૪૩ તા.૬-૧૧-૧૯

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોકત વિષય તથા સંદર્ભે જણાવવાનું કે, સમગ્ર શિક્ષા અંતર્ગત ગુજરાત રાજયના વર્ષ ૨૦૧૯-૨૦ના મંજૂર થયેલ બજેટ અન્વયે શૈક્ષણિક ગુણવત્તા અભિવૃદ્ધિ માટે મંજૂર થયેલ કાર્યક્રમો પૈકી રાજયની તમામ સરકારી પ્રાથમિક શાળાઓના બાળકોમાં જીવન કૌશલ્ય વિકસાવવા, આત્મ વિશ્વાસ વધારવા, સ્થિતિસ્થાપકતા વિકસાવવા તેમજ તાણ, શરમ અને ડરની નકારાત્મક લાગણીઓને કાબુમાં રાખવાના માધ્યમ તરીકે 'યુથ કલબ' કાર્યરત કરવા તેમજ શાળાના વિદ્યાર્થીઓ અર્થપૂર્ણ પર્યાવરણીય પ્રવૃત્તિઓમાં ભાગ લે અને પ્રોજેકટ હાથ ધરે તેવા ખ્યાલો અને ક્રિયાઓને સમજવા માટે 'યુથ એન્ડ ઈકોકલબ' કાર્યાન્વીત કરવા જણાવવામાં આવે છે. જે માટે આ સાથે સામેલ સંદર્ભિત પત્ર મુજબ 'યુથ કલબ' અને 'ઈકો કલબ'ની પ્રવૃત્તિઓ કરવાની રહેશે.

બિડાણ :- સંદર્ભિત પત્ર

તા.૨૫-૧૧-૨૦૧૯

ડૉ. એલ.ડી.દેસાઇ
શાસનાધિકારી

પી ભારતી(IAS)
સ્ટેટ પ્રોજેકટ ડાયરેકટર
એસપીઓ, એસએસએ

શિક્ષણનો અધિકાર
સર્વ શિક્ષા અભિયાન
સૌ ભણે, સૌ આગળ વધે

ગુજરાત શાળા શિક્ષણ પરિષદ
સ્ટેટ પ્રોજેકટ ડાયરેકટરશ્રીની કચેરી,
સમગ્ર શિક્ષા, સેકટર–૧૭, ગાંધીનગર.
ફોન નં.૦૭૯–૨૩૨૩૨૪૧૩
e-mail : - spdssaguj@gmail.com
Toll Free No.1800-233-7965

**પત્રક્રમાંક : એસએસએ/QEC/૨૦૧૯/38370-553** **તા. 6 /૧૧/૨૦૧૯**

**પ્રતિ,**
**જિલ્લા પ્રોજેકટ કો.ઓર્ડિનેટર અને**
**જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી**
**જિલ્લા પ્રોજેકટ કચેરી, એસએસએ,**
**જિલ્લા :** તમામ.
**શાસનાધિકારીશ્રી :** અમદાવાદ, રાજકોટ, સુરત, વડોદરા.

**પ્રતિ,**
**જિલ્લા શિક્ષણાધિકારીશ્રી**
**જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી**
**જિલ્લા :** તમામ.

**વિષય : સમગ્ર શિક્ષા અંતર્ગત વર્ષ ૨૦૧૯–૨૦ દરમિયાન રાજયની તમામ સરકારી શાળાઓમાં 'યુથ એન્ડ ઈકો કલબ' કાર્યાન્વીત કરવા બાબત.**

સમગ્ર શિક્ષા અંતર્ગત ગુજરાત રાજ્યના વર્ષ ૨૦૧૯-૨૦ના મંજુર થયેલ બજેટ અન્વયે શૈક્ષણિક ગુણવત્તા અભિવૃદ્ધિ માટે મંજુર થયેલ કાર્યક્રમો પૈકી રાજ્યની કાર્યરત તમામ સરકારી પ્રાથમિક, ઉચ્ચ પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના બાળકોમાં જીવન કૌશલ્ય વિકસાવવા, આત્મવિશ્વાસ વધારવા, સ્થિતિસ્થાપકતા વિકસાવવા તેમજ તાણ, શરમ અને ડરની નકારાત્મક લાગણીઓને કાબૂમાં રાખવાના માધ્યમ તરીકે યુથ ક્લબ કાર્યરત કરવા, તેમજ શાળાના વિદ્યાર્થીઓ અર્થપૂર્ણ પર્યાવરણીય પ્રવૃત્તિઓમાં ભાગ લે અને પ્રોજેક્ટ્સ હાથ ધરે, વિદ્યાર્થીઓ અભ્યાસક્રમ અથવા અભ્યાસક્રમની મર્યાદાથી આગળ પર્યાવરણીય ખ્યાલો અને ક્રિયાઓને સમજવા માટે સશક્ત બને તે માટે ઈકો ક્લબ કાર્યરત કરવા જણાવેલ છે.

યુથ એન્ડ ઈકો ક્લબ અંતર્ગતની વિવિધ પ્રવૃત્તિઓનો ઉલ્લેખ કરતા પી.એ.બી. મીનીટસમાં જણાવેલ છે કે,

**યુથ ક્લબ** શાળાના વિવિધ સંસાધનો જેવા કે, રમતનું મેદાન, રમતના સાધનો, પુસ્તકાલય, સંગીત અને કલા રૂમનો ઉપયોગ વિદ્યાર્થીઓના વ્યક્તિગત અને આંતરીક વિકાસ માટેની સહ-અભ્યાસિક અને મનોરંજક પ્રવૃત્તિઓ જેવી કે, નાટક, ચર્ચાઓ, કલા, રમતગમત, સંગીત વગેરે માટે કરશે. આ પ્રવૃત્તિઓથી વિદ્યાર્થીઓ પોતાના શોખ જાણી શકશે, તેઓનો આત્મવિશ્વાસ વધશે અને તેમની સુષુપ્ત શક્તિઓ બહાર આવશે, તેમજ શાળામાં પ્રવેશ અને સ્થાયીકરણમાં સુધારો થશે.

**ઈકો ક્લબ** પર્યાવરણ, જૈવવિવિધતા, આબોહવા, પર્યાવરણ, પોષણ, આરોગ્ય અને સ્વચ્છતા અંગે જાગૃતતા લાવવા અને રસ વધારવા માટેની વિવિધ પ્રવૃત્તિઓ કરશે, ખાસ કરીને જુલાઈ ૧, ૨૦૧૯થી શરુ થયેલ "જળશક્તિ અભિયાન" દરમિયાન પાણી સંરક્ષણ સાથે સંકળાયેલી પ્રવૃત્તિઓ અને પાણી સંરક્ષણ અંગે જાગરૂકતા વધે તે માટેની પ્રવૃત્તિઓ કરશે.

ઉપરોક્ત બાબતોને ધ્યાને લઈ રાજ્યની કાર્યરત તમામ સરકારી પ્રાથમિક, ઉચ્ચ પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં યુથ એન્ડ ઈકો ક્લબની રચના, કામગીરી, સંચાલન અને અમલવારી અંગે તૈયાર કરવામાં આવેલ માર્ગદર્શિકા, તેમજ સૂચિત પ્રવૃત્તિઓ ક્રમશઃ એનેક્ષર-૧ અને એનેક્ષર-૨માં આ સાથે સામેલ છે. શાળાઓને જરૂર જણાયે યુથ એન્ડ ઈકો ક્લબ માટેની પ્રવૃત્તિઓ માટેનો ખર્ચ તેમને આપવામાં આવતી સ્કુલ કમ્પોઝીટ બચત ગ્રાન્ટમાંથી કરી શકશે. આ તમામ બાબતોને ધ્યાને લઈ આપના તાબા હેઠળની તમામ સરકારી શાળાઓમાં યુથ એન્ડ ઈકો ક્લબ સત્વરે કાર્યાન્વિત થાય તે માટેની જરૂરી સૂચનાઓ આપની કક્ષાએથી સબંધિતોને કરવા જણાવવામાં આવે છે.

(પી ભારતી)

**બિડાણ :**
- એનેક્ષર-૧ અને ૨

**નકલ સવિનય રવાના :**
- માન.સચિવશ્રી(પ્રા.શિ. અને મા.શિ.), બ્લોક નં.૫, ૭મો માળ, સચિવાલય, ગાંધીનગર.

**નકલ રવાના :**
- નિયામકશ્રી, શાળાઓની કચેરી, બ્લોક નં.૯/૧લો માળ, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરી, બ્લોક નં.૧૨/૧લો માળ, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નિયામકશ્રી, જીસીઈઆરટી, સેકટર–૧૨, ગાંધીનગર.

એનેક્ષર: 1

## SAMAGRA SHIKSHA GUJRAT

## YOUTH AND ECO CLUB INITIATIVE

### હેતું / ઉદ્દેશ્ય

- વિદ્યાર્થીઓમાં પ્રાકૃતિક સંશાધનોના ન્યાયિક ઉપયોગ, સ્થિરતા તથા સંરક્ષણ માટે જાગૃતિ કેળવવી અને પર્યાવરણ પ્રેમ વધારવો.
- વિદ્યાર્થીઓમાં પર્યાવરણલક્ષી વ્યવહારને પ્રોત્સાહિત કરવા તથા પર્યાવરણને લગતી અર્થપૂર્ણ પ્રવૃત્તિઓ અને પ્રોજેક્ટમાં ભાગ લે અને તેવી પ્રવૃત્તિઓ કરે તે માટે સક્ષમ બનાવવા.
- બાળકો ભવિષ્યના પડકારો સામે લડી શકે તથા નકારાત્મક લાગણીઓ જેવીકે તણાવ, શરમ અને ડરનો સામનો કરી શકે તે માટે જીવન કૌશલ્ય, આત્મસન્માન, આત્મગૌરવ અને આત્મવિશ્વાસ તથા અનુકૂલન વિકસાવવું.
- વિદ્યાર્થીઓને સહભાગી અને પ્રક્રિયાલક્ષી પ્રવૃત્તિઓ દ્વારા વિવેચનાત્મક રીતે વિચારવાની અને સમસ્યાઓ તાર્કિક રીતે હલ કરવાની તકો આપીને તેમની શારીરિક, માનસિક, ભાવનાત્મક અને સામાજિક કુશળતાને મજબૂત બનાવવી.

### માર્ગદર્શક સૂચનાઓ

1. મુખ્ય શિક્ષક/આચાર્ય પોતાની શાળામાં વિદ્યાર્થીઓ માટે Youth and Eco Club (YEC)ની રચના કરશે અને તેના પ્રભારી (ઇન્ચાર્જ) નિમશે.
2. રાજ્યની તમામ શાળાઓમાં વર્ષ ૨૦૧૯-૨૦ માટે શાળાના દરેક વર્ગના તમામ વિદ્યાર્થી તથા શિક્ષકોને ચાર જૂથમાં વર્ગીકૃત કરવા, તેના નર્મદા, તાપી. સાબરમતી અને મહીસાગર નામ આપવા.
3. રોટેશન મુજબ શાળાના એક શિક્ષકને નોડલ વ્યક્તિ તરીકે નીમવા,કે જે YEC ની પ્રવૃત્તિઓ કરવા માટે માર્ગદર્શન પૂરૂ પાડશે.
4. YEC ની પ્રવૃત્તિઓમાં જમીન, પાણી, ઉર્જા અને સ્વચ્છતાને પ્રાધાન્ય આપવું.
5. શાળાઓમાં 'જળશક્તિ અભિયાન', 'સ્વચ્છ ભારત અભિયાન' તથા 'ફીટ ઈન્ડિયા મુવમેન્ટ' વિશે જાગૃતિ લાવવા માટેની શૈક્ષણિક તથા સહ-શૈક્ષણિક પ્રવૃત્તિઓ યોજવી.
6. દરેક જૂથને શાળા પરિસરનો ચોક્કસ ભૌતિક વિસ્તાર/ ખૂણો સોંપવામાં આવે, કે જેમાં જૂથનાં વ્યક્તિઓ વાવેતર( વૃક્ષારોપણ), સ્વચ્છતા, સુશોભન અને સંરક્ષણની નવીન પ્રવૃત્તિઓ કરી શકે.

7. શાળાએ સહઅભ્યાસિક પ્રવૃત્તિઓના તાસમાં અથવા વધારાના કલાકોમાં અથવા વેકેશન દરમિયાન વાર્તાલાપ-ચર્ચાઓ, ગીત-સંગીત, કલા, રમતો, વાચન તથા શારીરિક પ્રવૃત્તિઓનું આયોજન કરવું. આવી પ્રવૃત્તિઓથી શાળાની અમુક ભૌતિક સવલતો જેવી કે રમતનું મેદાન, રમતના સાધનો, પુસ્તકાલય,શાળાનો બગીચો તેમજ સંગીતના સાધનોની ઉપયોગીતામાં વધારો થશે, કે જેનાથી બાળકોમાં ટેવ, આવડત અને રસ વિકસાવી શકાય.
8. YEC અંતર્ગત શાળાએ બાળકોમાં પુસ્તકાલયના ઉપયોગ તથા વાચન ટેવ વિકાસાવવા માટે વિવિધ પ્રકારની પ્રવૃત્તિઓ જેવી કે પુસ્તક વાચન, વાર્તાકથન અને નૈતિક મૂલ્યોનું આદાન-પ્રદાનનું આયોજન કરવું.
9. શાળાનો દરેક બાળક YEC ની ઓછામાં ઓછી ૩(ત્રણ) પ્રવૃત્તિમાં ભાગ લે તેવું શાળાએ સુનિશ્ચિત કરવું.
10. શાળા દ્વારા પર્યાવરણીય શિક્ષણ માટે જાગૃતિ અને સંવેદના થાય તેવી તકો આપવા માટે નજીકના સ્થળો/સાઈટ્સની ક્ષેત્રીય મુલાકાત(ફિલ્ડ વિઝીટ) પણ આયોજિત થઇ શકે
11. શાળા કક્ષાએ ગ્રુપ પર્ફોમન્સનું મૂલ્યાંકન-
    - જુદી જુદી પ્રવૃતિઓ દ્વારા જુથવાર સ્પર્ધાઓનુંઆયોજન કરવામાં આવશે,જેના માટે પોઈન્ટ્સ આપવામાં આપવા.
    - શાળામાં નોટીસ બોર્ડ પર જુથવાર પર્ફોમન્સ પોઈન્ટ્સના ચાર્ટ શાળાને આપવા.
    - વર્ષના અંતે સૌથી વધુ સ્કોર કરવા વાળા ગ્રુપ ને " શ્રેષ્ઠ ગ્રુપ" જાહેર કરી સન્માનિત કરવા.
    - સાબરમતી,તાપી,,નર્મદા અને મહીસાગરમાંથી શ્રેષ્ઠ પ્રદર્શન કરવા વાળા ગ્રુપમાંથી વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર અને ઈનામ વિતરણ કરવા.
12. બ્લોક/ક્લસ્ટર કક્ષાએ શ્રેષ્ઠ પ્રદર્શન કરવાવાળી શાળાઓનું મૂલ્યાંકન-
    - YEC અંતર્ગત શાળાઓ દ્વારા કરાયેલી પ્રવૃત્તિઓ સાથે CRC/BRC અને મુખ્ય શિક્ષક સાથે રહી "મારી શાળા સુંદર શાળા" સ્પર્ધાનું જુદા જુદા માપદંડો ધ્યાનમાં રાખી દર મહીને ક્લસ્ટર કક્ષાએ આયોજન કરશે.
    - CRC મુલાકાત દરમિયાન જુદા-જુદા માપદંડોને આધારે દર મહીને શાળાને ૧૦ માંથી પોઈન્ટ્સ આપશે.
    - માસવાર પોઈન્ટ્સ અપડેટ કરવામાં આવશે, તેમજ માસવાર સ્થિતિ બધાને જાણ કરાશે. CRC માસના અંતે માર્ક્સ ની સ્થિતિને શાળાને જાણ કરશે.

- જે શાળા મહત્તમ પોઈન્ટ્સ મેળવશે, તે શાળાને વર્ષના અંતે ક્લસ્ટર ની "સુંદર શાળા" જાહેર કરવામાં આવશે.
- CRC દ્વારા ક્લસ્ટર કક્ષાની શ્રેષ્ઠ ૩ શાળાઓને વિજેતા પ્રમાણપત્ર અને ઈનામ આપવામાં આવશે.
- શ્રેષ્ઠ પ્રદર્શન કરવા વાળા અથવા વિજેતા શાળાઓને જે તે જીલ્લા માંથી પર્યટન અને શૈક્ષણિક પ્રવાસની પસંદગીમાં પ્રાથમિકતા આપવામાં આવશે .

13. YEC માટે સૂચક પ્રવૃત્તિઓની યાદી સંદર્ભ માટે જોડાણ માં આપેલી છે.મુખ્ય શિક્ષક/આચાર્ય વધુ નાવીન્યપૂર્ણ અને અનુસંગિક પ્રવૃત્તિઓ પણ તેમની શાળામાં આયોજિત કરી શકાશે.
14. શાળા શ્રેષ્ઠ પ્રયાસ અને ચિત્રો ,ઈકો, અને યુથ ક્લબના ફેસબુક પેજ પર અપલોડ કરી શકશે અને પસંદગી પામેલ શ્રેષ્ઠ પ્રયાસો "શગુન પોર્ટલ" પર પણ શેર કરાશે.

# એનેક્ષર :૨

❖ **પ્રવૃત્તિઓનું માર્ગદર્શન દર્શાવતું ટેબલ**

| માસ | થીમ | ધો. ૧ થી ૫ | ધો. ૬ થી ૮ | ધો. ૯ થી ૧૨ |
|---|---|---|---|---|
| ઓગસ્ટ | વૃક્ષારોપણ ઝુંબેશ ,હરિયાળી મહોત્સવ ઉજવણી | • વૃક્ષારોપણ અને ઉછેર ,સંવર્ધન<br>• જળશક્તિ અભિયાન અંગે જાગૃતિ | • વૃક્ષારોપણ અને ઉછેર ,સંવર્ધન<br>• જળશક્તિ અભિયાન અંગે જાગૃતિ<br>• મારી શાળા સુંદર શાળા સ્પર્ધા | • વૃક્ષારોપણ અને ઉછેર ,સંવર્ધન<br>• જળશક્તિ અભિયાન અંગે જાગૃતિ અને પાણી બચાવો<br>• મારી શાળા સુંદર શાળા સ્પર્ધા |
| સપ્ટેમ્બર | સ્વચ્છતા ઝુંબેશ,ઉજવણી | • સ્વચ્છતા પખવાડિયા ઉજવણી,<br>• નજીકના વિસ્તારમાં જાગૃતિ માટેની રેલી | • સ્વચ્છતા પખવાડિયા ઉજવણી,<br>• નજીકના વિસ્તારમાં જાગૃતિ માટેની રેલી જળશક્તિ અભિયાન અંગે જાગૃતિ<br>• લોકગીત સ્પર્ધા<br>• નિબંધ લેખન સ્પર્ધા | • સ્વચ્છતા પખવાડિયા ઉજવણી,<br>• નજીકના વિસ્તારમાં જાગૃતિ માટેની રેલી જળશક્તિ અભિયાન અંગે જાગૃતિ<br>• લોકગીત સ્પર્ધા<br>• નિબંધ લેખન સ્પર્ધા |
| ઓક્ટોબર | વેસ્ટ માંથી બેસ્ટ ઝુંબેશ | • કાગળની બેગ બનાવવાની કામગીરી<br>• વેસ્ટ મટેરિયલ માંથી આર્ટ અને ક્રાફ્ટ વર્ક<br>• વેસ્ટ માંથી બેસ્ટ બનાવવાની સ્પર્ધા<br>• પાણી,વીજળી ,અને અન્ય કુદરતી સંશાધનો બચાવો અંગેની જાગૃતિ અભિયાન<br>• વર્લ્ડ હેન્ડ વોશ ડે અંગેની જાગૃતિ અને ઉજવણી | • વેસ્ટ માંથી બેસ્ટ બનાવવાની સ્પર્ધા<br>• જુદા જુદા પ્રકારની વનસ્પતિનું એકત્રીકરણ<br>• કાગળની બેગ બનાવવી<br>• વેસ્ટ માંથી બેસ્ટ બનાવવાની સ્પર્ધા<br>• પ્લાસ્ટીકની ખરાબ અસરો અને પ્લાસ્ટીકનો ઓછો ઉપયોગ કરવા અંગે સમાજિક જાગૃતિ<br>• વર્લ્ડ હેન્ડ વોશ ડે અંગેની જાગૃતિ અને ઉજવણી | • જમીનનો વધુમાં વધુ ઉપયોગ કરવા અંગે પ્રેરણા સંદર્ભે કામગીરી<br>• વેસ્ટ માંથી બેસ્ટ બનાવવાની સ્પર્ધા<br>• વેસ્ટ માંથી બેસ્ટ બનાવવાની સ્પર્ધા<br>• પ્લાસ્ટીકની ખરાબ અસરો અને પ્લાસ્ટીકનો ઓછો ઉપયોગ કરવા અંગે સમાજિક જાગૃતિ<br>• વર્લ્ડ હેન્ડ વોશ ડે અંગેની જાગૃતિ અને ઉજવણી |
| નવેમ્બર | રમતોત્સવ | • જુદા જુદા પ્રકારની રમતોનું આયોજન (વ્યક્તિગત અને સામુહિક રમતો)<br>• બાલદિનની ઉજવણી | • એથલેટીક અને અન્ય રમતોની સ્પર્ધાનું આયોજન<br>• બાલદિનની ઉજવણી<br>• ચિત્ર સ્પર્ધા | • એથલેટીક અને અન્ય રમતોની સ્પર્ધાનું આયોજન<br>• બાલદિનની ઉજવણી<br>• ચિત્ર સ્પર્ધા |

| | | | | |
|---|---|---|---|---|
| | | • ચિત્ર સ્પર્ધા | | |
| ડિસેમ્બર | વિજ્ઞાન અને ગણિત મેળો | • શાળાઓમાં વિજ્ઞાન અને ગણિત નું અઠવાડિયું ઉજવવું | • શાળાઓમાં વિજ્ઞાન અને ગણિત નું અઠવાડિયું ઉજવવું<br>• કોયડા સ્પર્ધા<br>• મોડેલો નું પ્રદર્શન | • શાળાઓમાં વિજ્ઞાન અને ગણિતનું અઠવાડિયું ઉજવવું<br>• કોયડા સ્પર્ધા<br>• મોડેલો નું પ્રદર્શન |
| જાન્યુઆરી | પતંગોત્સવ અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ | • પતંગ બનાવવાની હરીફાઈ<br>• શાળામાં પતંગોત્સવ<br>• શાળા શણગારવાની પ્રવૃત્તિઓ | • પતંગ બનાવવાની હરીફાઈ<br>• શાળામાં પતંગોત્સવ<br>• શાળા શણગારવાની પ્રવૃત્તિઓ | • પતંગ બનાવવાની હરીફાઈ<br>• શાળામાં પતંગોત્સવ<br>• શાળા શણગારવાની પ્રવૃત્તિઓ |
| ફેબ્રુઆરી | પર્યાવરણ જાગૃત્તિ ઝુંબેશ | • પ્રેરણાદાયક વાર્તા સ્પર્ધા<br>• શિક્ષકો દ્વારા જમીન,પાણી,હવા અને અવાજ ણા પ્રદુષણ વિશેની જાગૃત્તિ<br>• પર્યાવરણ ને લગતી વિડીઓ અને શોર્ટ ફિલ્મસ બતાવવી | • જમીન, પાણી,હવા,અવાજના પ્રદુષણમાં જાગૃતતા લાવવા માટેની ચિત્ર સ્પર્ધા,નિબંધ સ્પર્ધા,પોસ્ટરો,સુત્રો બનાવવા<br>• પર્યાવરણ ઉપર ચર્ચા અને પરિસંવાદ<br>• પાણી,વીજળી અને બીજા કુદરતી સ્ત્રોતો બચાવવા માટેની જાગૃતિ | • જમીન,પાણી,હવાઅને અવાજના પ્રદુષણ માં જાગૃતિ લાવવા માટેની ચિત્ર સ્પર્ધા,નિબંધ સ્પર્ધા,પોસ્ટરો અને સુત્રો બનાવવા<br>• પર્યાવરણ પર ચર્ચા અને પરિસંવાદ<br>• પાણી,વીજળી અને બીજા કુદરતી સ્ત્રોતો બચાવવા અંગેની જાગૃતિ |